**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને વર્ગ-૩ના તમામ સંવર્ગોની જગ્યાઓ પર ભરતીની અને ખાતાકીય પરીક્ષાઓની કામગીરી સોંપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: કપમ-૧૦૯૭-શુમ-પર-ગ-૪
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭/૭/૧૯૯૯.

**વંચાણમાં લીધા :-**

(૧) સા.વ.વિ.ના તા. ૨૧/૩/૧૯૮૮ના ઠરાવ ક્રમાંક: કેબીવાય/૧૧૮૬/૧૬૧૫/ગ-૩,
(૨) સા.વ.વિ.ના તા.૨૫/૧૧/૮૮ના ઠરાવ ક્રમાંક: કેબીવાય/૧૧૮૬/૧૬૧૫/ગ-૩,
(૩) સા.વ.વિ.ના તા.૪/૫/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક: કેબીવાય/૧૦૮૮/૨૨૪૫/ગ-૩,
(૪) સા.વ.વિ.ના તા. ૯/૫/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: કપમ-૧૦૮૯-૨૪૪૯-ગ-૪,
(૫) સા.વ.વિ.ના તા. ૧૫/૧૦/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: કપમ-૧૦૮૯-૨૪૪૯/ગ-૪,

**// ઠ રા વ //**

વંચાણમાં ક્રમ-૧ આગળ દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧/૩/૧૯૮૮ના ઠરાવથી સરકાર વખતોવખત નક્કી કરે એવી કક્ષાઓના વર્ગ-૩ના કર્મચારીઓની ભરતી કરવાની અને તે હેતુ માટે જ્યાં જરૂરી હોય ત્યાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવાની કામગીરી તેમજ વિવિધ ખાતાકીય પરીક્ષાઓ યોજવાની કામગીરી માટે " કર્મચારી પસંદગી આયોગ " ની રચના કરવામાં આવેલ છે. આમ છતાં, શરૂઆતમાં આયોગને કેન્દ્રીકૃત ભરતી યોજના હેઠળ આવતી કારકુનો, કારકુન-કમ-ટાઈપિસ્ટો અને ટાઈપિસ્ટોની ભરતી તેમજ સચિવાલયના વિભાગો, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગુજરાત જાહેર સેવા આયોગ અને ગુજરાત તકેદારી આયોગના કારકુનો, કારકુન-કમ-ટાઈપિસ્ટો અને ટાઈપિસ્ટોની ભરતીની કામગીરી પોતાને હસ્તક લેવા આદેશ આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણમાં ક્રમ-૩ આગળ દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૫/૧૯૯૦ના ઠરાવથી આયોગનું નામ " ગુજરાત કર્મચારી પસંદગી આયોગ " ના બદલે " ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ " રાખવામાં આવેલ છે.

૨. વંચાણમાં ક્રમ-૪ અને ક્રમ-૫ આગળ દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા. ૯/૫/૧૯૯૪ અને તા. ૧૫/૧૦/૧૯૯૪ના ઠરાવોથી ઉપર્યુક્ત કામગીરી ઉપરાંત નીચે જણાવેલ સંવર્ગોની જગ્યાઓ પર ભરતીની કામગીરી સોંપવામાં આવેલ છે.

(ક) ગૃહ વિભાગ હેઠળના પોલીસ ખાતાના સિવિલિયન સ્ટાફમાં હેડક્લાર્ક વર્ગ-૩ અને સીનિયર ક્લાર્ક વર્ગ-૩ ની જગ્યાઓ.
(ખ) માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગ હેઠળના માહિતી ખાતાની ભાષાંતરકાર વર્ગ-૩ ની જગ્યાઓ.
(ગ) મહેસૂલ વિભાગ હેઠળના જમીન દફતર ખાતામાં સર્વેયર વર્ગ-૩ની જગ્યાઓ.
(ઘ) નાણાં વિભાગ હેઠળના હિસાબ અને તિજોરી નિયામકના નિયંત્રણ હેઠળની વર્ગ-૩ની જગ્યાઓ જેવી કે ગ્રુપ-૧: હિસાબનીશ, અધિક્ષક ઓડિટર, પેટા તિજોરી અધિકારીની જગ્યાઓ, ગ્રુપ-૨: નાયબ હિસાબનીશ, નાયબ ઓડિટર, પેટા તિજોરી અધિકારીની જગ્યાઓ, ગ્રુપ-૩: પેટા હિસાબનીશ, સબઓડિટર અને ડેટા એન્ટ્રી મશીન ઓપરેટરની જગ્યાઓ.

૩. ઉપર્યુક્ત સંવર્ગોની જગ્યાઓ પર ભરતીની કામગીરી ઉપરાંત વર્ગ-૩ના તમામ સંવર્ગોની જગ્યાઓ પર ભરતીની અને ખાતાકીય પરીક્ષાઓ યોજવાની તેમજ સ્વર્ગસ્થ સરકારી કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નિમણૂંકો આપવાની કામગીરી મંડળને સોંપવાની બાબત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. જે અંગે પુખ્ત વિચારણાને અંતે, નીચે જણાવેલી કામગીરી મંડળને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(ક) ગુજરાત જાહેર સેવા આયોગના કાર્યાધિકારમાં ન હોય તેવી સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓમાં વર્ગ-૩ની જગ્યાઓ સહિતની રાજ્યની તાંત્રિક અને બિનતાંત્રિક તમામ વર્ગ-૩ની જગ્યાઓ પર ભરતી માટે ઉમેદવારો પસંદ કરવાની સઘળી કામગીરી.

(ખ) સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓમાં વર્ગ-૩ની તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ યોજવાની સઘળી કામગીરી.

(ગ) સ્વર્ગસ્થ સરકારી કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નિમણૂક આપવા માટે ખાલી જગ્યાઓની માહિતી મેળવીને નિમણૂંક માટે આશ્રિત ઉમેદવારોની ફાળવણી કરવાની અને તેના સંકલનની સઘળી કામગીરી.

૪. મંડળે ઉપર્યુક્ત તમામ જગ્યાઓ પરની ભરતી જે તે જગ્યાઓના પ્રવર્તમાન ભરતી નિયમોની જોગવાઈઓને આધીન રહીને કરવાની રહેશે. જો પ્રવર્તમાન ભરતી નિયમોમાં સીધી ભરતી કરવા અંગેની જોગવાઈ ન હોય તો સીધી ભરતી કરવા માટે કયું ધોરણ અપનાવવું તે અંગે મંડળે જે તે વિભાગનો પરામર્શ કરવાનો રહેશે અને જે તે વિભાગે જરૂર જણાયે સામાન્ય વહીવટ વિભાગનો પરામર્શ કરવાનો રહેશે અને હાલ તુરત તે પ્રમાણે જેમ નક્કી થાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે. આમ છતાં, જ્યાં ભરતી નિયમોમાં સીધી ભરતીની જોગવાઈ ન હોય ત્યાં જે તે વિભાગે ભરતી નિયમોમાં તે અંગેની જરૂરી જોગવાઈ કરવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

૫. મંડળે ઉપર્યુક્ત તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ જે તે જગ્યાના પ્રવર્તમાન ખાતાકીય પરીક્ષાના નિયમોની જોગવાઈઓને આધીન રહીને યોજવાની રહેશે.

૬. આ ઠરાવનો અમલ આ ઠરાવની રવાનગી તારીખથી કરવાનો રહેશે. આમ છતાં સચિવાલયના વિભાગોએ કે ખાતાના /કચેરીના વડાઓએ તેમના નિયંત્રણ હસ્તકની જગ્યાઓ ભરવા માટે કે ખાતાકીય પરીક્ષાઓ યોજવા માટે જાહેરખબર આપેલ હોય અને તેની કાર્યવાહી ગતિમાં હોય તો હાલ સંબંધિત વિભાગે કે ખાતાના /કચેરીના વડાએ ભરતીની કે ખાતાકીય પરીક્ષા યોજવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મ. ઓ. શાહ)
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર,

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
X રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર( દશ નકલો સાથે )
- સચિવાલયના સર્વે વિભાગો ( ૬૯ નકલો સાથે )
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
- નિવાસી આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, નવી દિલ્હી,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (૧), ઓડિટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (૨), ઓડિટ, ગુજરાત રાજ્ય, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- રાજ્ય સરકાર હેઠળના સર્વે માન્ય મંડળો.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઈલ.

---

X પત્ર દ્વારા.

મકવાણા/૨૬૭૯૯/૨૮.